ફોજદારી કેસ નં. ૪૩૨/૨૦૨૬

આંક–

**ફરીયાદી–શ્રીસરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી– મયુરભાઈ દિલીપભાઈ ગામીત.**

**ગુનો–પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ– ૧૮૫ મુજબ .**

**–ઠરાવ–**

**૧.** આ કામના આરોપી વિરુદ્ધના ગુનાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં.૫ માં જણાવ્યા મુજબના તારીખ, સમય અને સ્થળ પ્રતિબંધક એરિયામાં વગર પાસ પરમીટે કોઈ કેફી પીણું પી નશો કરેલી હાલતમાં મો.સા. હંકારી લઈ મળી આવી શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

**૨.** ઉપરોક્ત બનાવ સંબંધે ફરિયાદીએ ફરિયાદ આપતા તે અંગેનો ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો અને તે બાદ તપાસ કરનાર અધિકારીએ આ ગુન્હાની તપાસ કરી આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે

**૩.** આરોપી આજરોજ અદાલત સમક્ષ ઉપસ્થિત રહી ગુનાની કબૂલાત પુરસીસ આપી ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે.

**૪.** આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે. અને આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં આવા પ્રકારના ગુનો નહીં કરવાની ખાત્રી આપેલ છે આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપી સામેનો ગુનો પુરવાર માનવાને કારણ રહે છે અને તેથી આરોપીને તેમની સામેના ગુના સબબ સજા કરવી જોઈએ તેમ આ અદાલત નું માનવું છે.

**૫.** આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૨૦૦૫(૧) જી. એલ. આર.૭૦૯ ગુજરાત સ્ટેટ વી નટવરસિંહ હરચંદજી ઠાકોર ના કેસમાં આવા આપવામાં આવેલ ચુકાદો માનસર ધ્યાને લઇ લીધો. જેમાં નામદાર હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ કોર્ટ જે તે કેસ તથા આરોપીના સંજોગો, સ્થિતિ ધ્યાને લઇ જો કેસ યોગ્ય અને વ્યાજબી હોય તો કાયદા દ્વારા જે સજા કે દંડની જોગવાઇ હોય તેના કરતા ઓછી સજા કે ઓછો દંડ કરી શકે. હાલના કામમાં ગુનાની ગંભીરતા અને આરોપી ની સ્થિતિ તથા સંજોગોને ધ્યાને લેતાં હાલના આરોપીને કાયદામાં જોગવાઇ કરવામાં આવેલ તેના કરતા ઓછી સજા કરવી જોઈએ અને સુધારવાની તક આપવી જોઈએ એવી આ અદાલત સ્પષ્ટ માનવું છે. કાયદાનો ઉદ્દેશ્ય માત્ર સજા કરવાનો નહીં પરંતુ તે વ્યક્તિને સમાજ માં સુસ્થાપિત કરવાનો તથા આરોપીને સુધારવાની તક આપવી એવો પણ છે આમ, ઉપરોક્ત ચર્ચા ધ્યાને આરોપીને નિયત સજા તથા દંડ કરતા ઓછી સજા અને ઓછો દંડ થવો જોઈએ તેવું આદતનું માનવું છે.

**૬.** આમ, ઉપરોક્ત ચર્ચા ધ્યાને લેતા તથા આરોપીની કબૂલાત પુરશીસ વંચાણે લેતાં તેમજ સજાની જોગવાઈ, સંજોગોને ધ્યાને લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં આરોપી ગરીબ વર્ગના માણસ હોય, કુટુંબના ગુજરાતની જવાબદારી આરોપી ઉપર હોય, ગુના બદલ આરોપી પસ્તાવો વ્યક્ત કરતો હોય અને ભવિષ્યમાં આવો બીજો કોઈ ગુનો નહીં કરે તેની તકેદારી રાખવાનું જણાવતો હોય તે સંજોગોમાં આરોપી ઉપરોક્ત રજૂઆતને ધ્યાને લઇ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આખરી હુકમ :–**

**હાલના આરોપીને પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનાં ગુનામાં બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫** મુજબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા. ૭૦૦ /–(અંકે રૂપિયા સાતસો પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન ૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે

હુકમ આજ તારીખ ૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ (સ્પેશ્યલ સીટીંગ, રાષ્ટ્રીય લોક અદાલત) માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧ / ૦૭ / ૨૦૨૬
સ્થળ–ડોલવણ

**(નીખીલ અગ્રવાલ)**
**જ્યુડી.મેજી.ફ.ક. ડોલવણ,**
**જજ કોડ નં.જી.જે.૦૧૭૩૦**